અહો દેવના દેવ હો વિશ્વ સ્વામિ, કરૂ સ્તુતિ હું આપની શીશ નામી, દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર અમારો

રાજ્યમાં વધુ ૪૯૨ નવા કેસ : અમદાવાદમાં ૨૯૧ : ગાંધીનગરમાં ૨૪

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ
દો ગજની દૂરીનો અમલ કરીએ..
સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૮૬ | ૫ જુન, ૨૦૨૦, શુક્રવાર; જેઠ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

રાજ્ય સરકારનું ૧૪ હજાર કરોડનું આત્મનિર્ભર પેકેજ

કોવિડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજયના અર્થતંત્રને પુનઃ વેગવંતુ કરવા માટે મુખ્યમંત્રીશ્રીની મહત્વપૂર્ણ જાહેરાત

ગાંધીનગર, તા.૪

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વૈશ્વિક મહામારી કોરોના સંક્રમણની સ્થિતીમાં લોકડાઉનને કારણે જે પરિસ્થિતી ઉદભવી છે તેમાંથી જનજીવન, વેપાર-ધંધા રોજગાર ઉદ્યોગ પૂનઃ ધબકતા કરવા રાજ્ય સરકાર ૧૪ હજાર કરોડનું ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કર્યુ છે.

ભારત સરકારના પૂર્વ નાણાં સચિવ શ્રી ડૉ. હસમુખ અઢિયાના અધ્યક્ષ પદે રાજ્ય સરકારે જે કમિટિની રચના ઈકોનોમીક રિવાઈવલની ભલામણો સુચવવા કરી હતી. આ કમિટિએ તેનો ઈન્ટરીમ રિપોર્ટ રાજ્ય સરકારને ત્રણ દિવસ પહેલાં આપ્યો હતો.

આ રિપોર્ટનો સર્વગ્રાહી તલસ્પર્શી અભ્યાસ કરીને રાજ્યના મંત્રીઓ, વરિષ્ઠ સચિવો,

- ૧૦૦ યુનિટ સુધીનું વીજબીલ માફ (૯૨ લાખ વીજ ગ્રાહકોને ફાયદો)
- વાર્ષિક પ્રોપર્ટી ટેક્ષમાં ૨૦ ટકાની માફી
- ખાનગી લકઝરી બસ, ટેક્સી અને કેબનો ૬ મહિનાનો રોડ ટેક્ષ માફ
- જીઆઈડીસી માટે ૪૬૦ કરોડની ફાળવણી

સમાજજીવનના આગેવાનો, ઉદ્યોગ-વેપાર મંડળો, વિવિધ સમાજવર્ગોના પ્રતિનિધિઓ સૌ સાથે મળીને ચર્ચા-વિચારણા પરામર્શની મેરેથોન ચિંતન બેઠકો કરી હતી તેની ફલશ્રુતિ રૂપે આ પેકેજ જાહેર કરાયું છે એમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા મંત્રીશ્રીઓ સર્વશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, સૌરભભાઈ પટેલની ઉપસ્થિતીમાં આ પેકેજની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે પેકેજ સમાજના કોઈ એકલ-દોકલ વર્ગ કે વ્યકિતઓને નહિ પરંતુ નાનામાં નાના, છેવાડાના ગરીબ વંચિત, પીડિત,

● અનુસંધાન પાન-૭ પર

દેશમાં વધતો કોરોના આતંક : નવા ૯૬૩૩ કેસ

શું વધતા જતાં કેસો ખતરનાર ત્રીજા તબક્કાની નિશાની તો નથી ને...? : દેશમાં કોરોનાના કુલ ૨,૨૪,૬૩૭ કેસ



ન્યુ દિલ્હી,તા.૪

અનલોક-૧ અનલકી સાબિત થઈ રહ્યો હોય તેમ ૧ જૂનથી લોકડાઉનમાં અપાયેલી સવિશેષ છૂટછાટોને કારણે અથવા તો ભારત કોરોનાના ખતરનાક ત્રીજા તબક્કા કોમ્યુનિટી ટ્રાનમિશનમાંથી પસાર થઈ રહ્યું હોય તેમ આજે સવારે ગુરૂવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન ભારતમાં આજદિનસુધીમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૯૬૩૩ કેસો કોરોના પોઝીટીવના બહાર આવ્યાં છે તો આ જ ૨૪ કલાકમાં વધુ ૨૬૦ લોકોના મોત થયા છે. હજુ તો ૮ જૂનથી શોપિંગ મોલ-જીમ અને તમામ ધાર્મિક સ્થળો ખોલવાના નિર્ણયથી કોરોનાના કેસોમાં વધારો થવાની સંભાવના જોવામાં આવી રહી છે. છેલ્લાં ૬ દિવસથી સતત ૮ હજારની ઉપર કેસો બહાર આવી રહ્યાં હતા. પરંતુ ગઈકાલ સુધીમાં સૌથી વધારે કેસો બહાર આવ્યાં છે ત્યારે લોકડાઉન કારગત નિવડ્યો કે કેમ તેની પણ

● અનુસંધાન પાન-૭ પર

દેશમાં કોરોના વાયરસનું સંક્રમણ વધ્યુ, મેક શિફ્ટ હોસ્પિટલો બનાવવી પડશે

ન્યુ દિલ્હી,તા.૪

કેન્દ્ર સરકાર તરફથી ગુરૂવારનાં રોજ સુપ્રીમ કોર્ટમાં કોરોના વાયરસનાં સંકટને લઈને સોગંદનામું દાખલ કરવામાં આવ્યું છે. કેન્દ્રએ પોતાનાં સોગંદનામામાં માન્યું છે કે દેશમાં કોરોના વાયરસ સંક્રમિતોની સંખ્યા સતત વધી રહી છે. એવામાં દેશમાં મોટી સંખ્યામાં મેક-શિફ્ટ

● અનુસંધાન પાન-૭ પર

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૬૬૨૫૯૦૬	૩૮૯૧૧૭	૩૧૧૨૪૧૮
ભારત	૨૨૪૬૩૭	૬૩૦૬	૧૦૭૭૪૫
ગુજરાત	૧૮૬૦૯	૧૧૫૫	૧૨૬૬૭
ગાંધીનગર	૩૬૦	૧૫	૧૭૨

બન્ને દેશના લશ્કરી વડાની છઠ્ઠીએ બેઠક

ભારત અને ચીન વચ્ચે સરહદને લઈને ભારે વિવાદ : બંને દેશોનું સૈન્ય એલએસીને પોતપોતાની સ્થિતિમાં પેટ્રોલિંગ કરે છે

નવી દિલ્હી, તા. ૪

પૂર્વ લદ્દાખની સ્થિતિ ભારત અને ચીન વચ્ચે સમાન છે. હવે, ૬ જૂને, વાસ્તવિક અને નિયંત્રણ રેખા (એલએસી) પર ચાલી રહેલા વિવાદના સમાધાન માટે ભારતીય અને ચીની સૈન્યના લેફ્ટનન્ટ જનરલો બેઠક યોજશે. ભારત અને ચીન વચ્ચેનો વિવાદ લદ્દાખના પેંગોંગ ત્સો તળાવ વિસ્તારની આસપાસ વારંવાર ઉદ્ભવે છે. હાલના સમયે પરમાણુ શકિતથી સજ્જ બે એશિયન પડોશીઓ વચ્ચે પરિસ્થિતિ વિકટ છે. આ તમામ તણાવ વચ્ચે, તમે ઘણીવાર ફિંગર ૪ અને ફિંગર ૮નો ઉલ્લેખ સાંભળ્યો હશે. એલ.એ.સી. ત્રણ ભાગમાં વહેંચાયેલું છે, જેમાંથી પ્રથમ અરુણાચલ પ્રદેશથી સિક્કિમ છે, મધ્યમાં આવે છે હિમાચલ રાજ્ય અને ઉત્તરાખંડનો ભાગ અને પશ્ચિમ ક્ષેત્રમાં લદ્દાખનો ભાગ છે. ભારતે ચીન સાથે એલએસીનો આશરે ૩,૪૮૮ કિ.મી.નો દાવો કર્યો છે, જ્યારે ચીન કહે છે કે તે ફક્ત ૨૦૦૦ કિ.મી. એલએસી એ બંને દેશોની વચ્ચેની લાઈન છે જે બંને દેશોની સીમાઓને જુદા પાડે છે. બંને દેશોનું સૈન્ય એલએસીને પોતપોતાની સ્થિતિમાં પેટ્રોલિંગ કરે છે. સરોવરનો વિવાદિત ભાગ બંને દેશોની સૈન્ય વચ્ચે ભૂતકાળમાં ઘણી વખત અથડામણ થઈ છે. પેંગોંગ તળાવ પર અવારનવાર અથડામણ થાય છે, ૬ મેના રોજ, ચીન અને ભારતના સૈનિકો અહીં અગાઉ ટકરાયા હતા. તળાવનો ૪૫ કિલોમીટર પશ્ચિમ ભાગ ભારતના નિયંત્રણમાં આવે છે જ્યારે બાકીનો ભાગ ચીનમાં છે. પૂર્વ લદ્દાખ એલએસીનો પશ્ચિમ ક્ષેત્ર છે, જે કારાકોરમ પાસથી લદ્દાખ

● અનુસંધાન પાન-૭ પર

છેલ્લે... છેલ્લે...

- પાકિસ્તાનમાં ભારતના ડેપ્યુટી હાઈકમિશનર ગૌરવ આહુવાલિયા સાથે થઈ ગેરવર્તણુંક.
- આશારામને જેલમાં કોરોનોના ભય લાગતા જામીન અરજી કરી. જે હાઈકોર્ટે ફગાવી દીધી.
- અમેરિકામાં પ્રદર્શનકારીઓએ મહાત્મા ગાંધીની પ્રતિમાને ખંડિત કરી
- કોરોનાની સારવારમાં ફરી શરૂ કરાશે હાઈડ્રોક્સીક્લોરોક્વીનની ટ્રાયલ
- ઓડિશા સરકારે શનિ-રવિ કેટલાક જિલ્લામાં શટડાઉનનો નિર્ણય કર્યો
- હરિયાણા, યુપી અને દિલ્હી માટે કોમન પાસ બનાવે ત્રણેય રાજ્યઃ સુપ્રીમ કોર્ટ
- નર્મદાના પાણી ૭મીથી રાજ્યના ખેડૂતોને ખરીફ પાક માટે અપાશે.
- દેશના સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો.

મહારાષ્ટ્ર	૭૭૭૯૩
તામીલનાડુ	૨૭૨૫૬
દિલ્હી	૨૩૬૪૫
ગુજરાત	૧૮૬૦૯
રાજસ્થાન	૯૮૫૭
ઉત્તરપ્રદેશ	૯૨૩૭
મધ્યપ્રદેશ	૮૫૮૮

મહામારીના દુષ્પ્રભાવથી ઉભરવા સહયોગી અભિગમની જરૂર : મોદી

ભારત - ઓસ્ટ્રેલિયાના સંબંધો મજબૂત : ભારતના વડાપ્રધાન મોદીએ ઓસ્ટ્રેલિયન પીએમ સાથે ઓનલાઈન સમિટ યોજી : કોરોના મહામારી સામે લડત સહિતના વિવિધ મુદ્દા ઉપર ચર્ચા કરી

નવી દિલ્હી, તા. ૪

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયના પીએમ સ્ટોક મોરિસન વચ્ચે ગુરુવારે સૌપ્રથમ ઓનલાઈન દ્વીપક્ષીય સમિટ યોજાઈ હતી. પીએમ મોદીએ ઓસ્ટ્રેલિયન વડાપ્રધાનને ભારત આવવા માટે આમંત્રણ આપ્યું છે. આ સાથે જ બન્ને દેશો વચ્ચે વેપાર સંબંધોને વધારવા પર ભાર આપવામાં આવ્યો હતો. મોદીએ જણાવ્યું કે વિતેલા વર્ષોમાં ભારત તેમજ ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો ઘણા મજબૂત થયા છે. પીએમ મોદીએ જણાવ્યું કે, 'વૈશ્વિક મહામારીના આ સમયમાં આપણી વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની ભૂમિકા વધુ

મહત્વપૂર્ણ બની રહેશે.

સમગ્ર વિશ્વએ આ મહામારીના આર્થિક તેમજ સામાજિક દુષ્પ્રભાવથી વહેલી તકે ઉભરવા માટે એક સંયુક્ત તેમજ સહયોગી અભિગમ અપનાવવાની આવશ્યકતા છે.' વડાપ્રધાન મોદીએ ઓનલાઈન સમિટમાં જણાવ્યું કે અમારી સરકારે કોરોના સંકટને એક અવસર તરીકે જોવાનો નિર્ણય કર્યો છે. ભારતમાં લગભગ તમામ ક્ષેત્રોમાં વ્યાપક રિફોર્મની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

ટેસ્ટિંગ કિટસ સત્વરે મંગાવવા યોગીએ સરકારી વિમાન આપ્યું

કોરોના સાથે બાથ ભિડવા યોગીના પ્રયાસ : ઉત્તરપ્રદેશમાં હાલ કોરોનાના રોજ ૧૦ હજાર નમૂનાના ટેસ્ટ થાય છે જે વધારીને ૨૦ હજાર કરવા માટેનો લક્ષ્યાંક

લખનૌ, તા. ૪

રાજ્યમાં કોરોના વાયરસના વધતા ચેપને જોતા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ટીમ -૧૧ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. તેમનું સરકારી વિમાન આરોગ્ય વિભાગને સોંપ્યું હતું. ખરેખર, મુખ્યમંત્રીનું સરકારી વિમાન ૯ જૂને ગોવાથી ટ્રુનેટ મશીનોનો લાવશે. આવી સ્થિતિમાં મુખ્યમંત્રીનું સરકારી વિમાન આરોગ્ય વિભાગને સોંપવામાં આવ્યું છે કે જેથી સમય બચાવી શકાય અને આરોગ્ય સુવિધાઓ ઝડપથી સુધારી શકાય. વીસી માર્કેટિંગ મીડિયાના રિપોર્ટ્સ અનુસાર, ટ્રુનેટ મશીન કોરોના તપાસની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં મુખ્યમંત્રીએ તેમને તાત્કાલિક રાજ્યમાં લાવવા સૂચના આપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રુએનેટ મશીનોના મહત્વને ધ્યાનમાં રાખીને મુખ્ય પ્રધાન યોગીએ આ પહેલા ૧ જૂનના રોજ રાજ્યના વિમાન ગોવા મોકલ્યા હતા, જ્યાંથી રાજ્યમાં ૨૧ મશીનો આવ્યા હતા. આ મશીનો ઈમરજન્સી કામગીરીમાં ખૂબ મદદગાર સાબિત થઈ રહ્યા છે. તેમના દ્વારા, કોરોનાની તપાસ એકથી દોઢ કલાકમાં કરવામાં આવે છે અને રિપોર્ટ આવે છે. મુખ્યમંત્રી રાજ્યના તમામ જિલ્લાઓને એક ટ્રુનેટ મશીન પ્રદાન કરવા માગે છે, જેથી રાજ્યની આરોગ્ય સુવિધાઓને વધુ મજબૂત બનાવવામાં આવે. એપ્રિલમાં, મુખ્યમંત્રી સતત રાજ્યમાં કોરોના તપાસનો વિસ્તાર વધારવા પ્રયાસ કરી રહ્યા છે.

સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારી કોરોના પોઝિટિવ

ન્યુ દિલ્હી,તા.૪

કોરોના સંક્રમણના નિશાન પર જ્યાં સામાન્ય માણસ જ નહી સરકારનાં સીનિયર અધિકારીઓ પણ હોય તેમ લાગી રહ્યું છે. મંત્રીઓ પછી હવે ઉચ્ચ અધિકારીઓ પણ કોરોના પોઝિટિવ મળી રહ્યા છે. સંરક્ષણ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા હડકંપ મચી ગયો છે. અધિકારીનાં કોરોના સંક્રમિત આવ્યા બાદ સાઉથ બ્લોક ખાતો સંરક્ષણ મંત્રાલયનાં કાર્યાલયને ડિસઈન્ફેકનનો કાર્યક્રમ ચલાવાઈ રહ્યો છે. સાથે જ અધિકારીના સંપર્કમાં આવેલા અન્ય સ્ટાફનાં લોકો અંગે પણ માહિતી મેળવવામાં આવી રહી છે.

અશ્વેતના મોતના વિરોધીઓને ટ્રમ્પની પુત્રી ટિફનીનું સમર્થન

લોની સ્નાતક ટિફનીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ મૂકીને સરકાર સામે વિરોધ કરી રહેલાઓને સમર્થન આપ્યું

વોશિંગ્ટન, તા. ૪

જ્યોર્જ ફ્લોયડના મૃત્યુને લીધે અશ્વેત નાગરિકો યુનાઈટેડ સ્ટેટ્સમાં શાંત થવાનું નામ લઈ રહ્યા નથી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને દેશભરના લોકોનો વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે અને હવે તેમના ઘરમાં પણ તેમની વિરુદ્ધ ગણગણાટ સંભળાય છે. તેમની નાની પુત્રી ટિફની પણ આ સમૂહ વિરોધના સમર્થનમાં આગળ આવી છે. ટિફનીએ ફ્લોઈડના મોત સામે ચાલી રહેલા વિરોધની તરફેણમાં ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ્સ દ્વારા વિરોધીઓને પોતાનું સમર્થન આપ્યું છે.

ટ્રમ્પની બીજી પુત્રી ટિફની મે મહિનામાં લોમાં સ્નાતક થઈ ત્યારે પિતા પ્રેસિડેન્ટ ટ્રમ્પે કહ્યું હતું કે ખૂબ ખુશ છે કે પુત્રી કાયદાની સ્નાતક છે કારણ કે હવે તેણીને પરિવારમાં વકીલની જરૂર છે. ટિફની ડોનાલ્ડ ટ્રમ્પની બીજી પત્ની એક્ટ્રેસ માર્લા મેપલ્સની પુત્રી છે. વોશિંગ્ટન ડીસી નજીક એકઠા થયેલા વિરોધીઓના ટોળા પર પોલીસે ટીઅર ગેસનો ઉપયોગ કર્યો ત્યારે લો સ્નાતક ટિફનીએ ઈન્સ્ટાગ્રામ પર સંદેશ આપ્યો. એકલા આપણે આટલું ઓછું પ્રાપ્ત કરી શકીએ છીએ; સાથે મળીને આપણે ઘણું બધુ પ્રાપ્ત કરી શકીએ છીએ.''